# 7 વિશ્વનો ઈતિહાસ

## 7.1 વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓ

### (1) મેસોપોટેમિયાની સંસ્કૃતિ

→ મેસોપોટેમિયા ગ્રીક શબ્દ છે તેનો અર્થ 'નદીઓ વચ્ચેની ભૂમિ' થાય છે.

→ મેસોપોટેમિયાની સંસ્કૃતિ યુફ્રેટિસ અને તાઈગ્રીસ નદીઓની વચ્ચે વિકસી હતી.

→ મેસોપોટેમિયાની પ્રાચીન સંસ્કૃતિ માનવામાં આવે છે, તેનો સમય લગભગ ઈ.સ પૂ. 3000 થી ઈ.સ. પૂ. 600 વર્ષનો ગણાય છે.

→ સુમેરિયન સંસ્કૃતિ, બેબીલિયન સંસ્કૃતિ અને અસીરિયન સંસ્કૃતિને સંયુક્તરૂપે મેસોપોટેમિયન સંસ્કૃતિ તરીકે ઓળખવામાં આવે છે.

→ મેસોપોટેમિયા સંસ્કૃતિનું પ્રમુખ શહેર સુમેર હતું. જે દક્ષિણમાં આવેલું હતું. આ ઉપરાંત બીજા 12 વિકસિત શહેરો હતાં. સુમેરના ઉત્તર પૂર્વી ભાગમાં બેબીલોન શહેર આવેલું હતું. અસીરિયા નદીઓની ઉત્તરે આવેલ ઉચ્ચ ભૂમિવાળો પ્રદેશ હતો.

→ ઈ.સ. પૂ. 1792 થી ઈ.સ. પૂ. 1750 સુધી હમ્બુરાબી બેબિલોનનો શાસક હતો, જેણે વિધિસંહિતાનું નિર્માણ કરીને શાસન ચલાવતો હતો. જે વિશ્વનો પ્રથમ કાયદાશાસ્ત્રી ગણાય છે.

→ મેસોપોટેમિયાના લોકો અનેક દેવોમાં આસ્થા ધરાવતા હતા.

→ કુંભારના ચાકડાનો સૌપ્રથમ પ્રયોગ મેસોપોટેમિયન સંસ્કૃતિની દેણ છે.

→ મેસોપોટેમિયાના લોકો પુનર્જન્મમાં વિશ્વાસ રાખતા હતા.

→ મેસોપોટેમિયાની સંસ્કૃતિ કાંસ્યયુગીન હતી.

→ મેસોપોટેમિયાનો સમાજ ત્રણ વર્ગમાં વહેંચાયેલો હતો. ઉચ્ચ વર્ગમાં પુરોહિતો અને સામંતો, મધ્યવર્ગમાં વેપારીઓ અને નિમ્નવર્ગમાં કૃષિકારોનો સમાવેશ થતો હતો.

→ મેસોપોટેમિયાના લોકો ચંદ્ર આધારિત પંચાંગનો ઉપયોગ કરતા હતા.

### (2) ઈજિપ્તની સંસ્કૃતિ :

→ ઈજિપ્તની સંસ્કૃતિ ઈ.સ. પૂ. 3400ની આસપાસ નાઈલ નદીકિનારે વિકસી હતી.

→ વિશ્વની અતિ વિકસિત સંસ્કૃતિ હતી.

→ ઈજિપ્તને નાઈલ નદીની ભેટ ગણવામાં આવે છે.

→ ઈજિપ્તના પ્રથમ રાજવંશનો પ્રથમ શાસક મેનિસ (ઈ.સ. પૂ. 3000) હતો.

→ ઈજિપ્તના પ્રાચીન શાસકો 'ફરાઓ' તરીકે ઓળખાતા હતા.' ફરાઓ ઈશ્વરના પ્રતિનિધિ અને સૂર્યપુત્ર ગણાતા હતા.

→ ઈજિપ્તવાસીઓ પુનર્જન્મમાં અને અનેક દેવોમાં વિશ્વાસ રાખતા હતા.

→ ઈજિપ્તવાસીઓ મૃતદેહને રાસાયણિક લેપ લગાવીને કફન પેટીમાં રાખીને વર્ષો સુધી સુરક્ષિત રાખતા હતા: જેને 'મમી' કહેવામાં આવે છે.

→ ઈજિપ્તના મહાન શાસક 'ખુફૂ' એ ઈ.સ. પૂ. 2600માં ગીઝા સ્થિત વિશ્વપ્રસિદ્ધ પિરામિડ બનાવ્યો હતો.

→ પિરામિડ બનાવવાનું શ્રેય ફરાઓ જોસરના વજીર ઈમહોટેપનને જાય છે.

→ રાજ્યની આવકનું મુખ્ય સાધન મહેસૂલ વેરો હતું.

→ ઈજિપ્તવાસીઓનો મુખ્ય દેવતા સૂર્ય હતો.

→ પ્રાચીન ઈજિપ્તમાં સૌર પંચાંગ પ્રચલિત હતું. સૌ પ્રથમ કેલેન્ડર ઈજિપ્તમાં બનાવવામાં આવ્યું હતું.

→ પ્રાચીન ઈજિપ્તમાં સૂર્ય-ઘડી અને જલ-ઘડીની શોધ થઈ હતી.

→ પ્રાચીન ઈજિપ્ત સમાજ માતૃસત્તાક હતો.

→ પ્રાચીન ઈજિપ્તવાસીઓને રેખાગણિતનું જ્ઞાન હતું.

→ ઈજિપ્તના કલાકારોએ બનાવેલી 'સ્ફિંક્સ'ની મૂર્તિમાં શિર મનુષ્યનું અને બાકીનું શરીર સિંહનું છે.

### (3) ચીનની સંસ્કૃતિ :

→ ચીનની સંસ્કૃતિ પીળી નદી (હાલમાં હોઆંગ-હો) ક્ષેત્રમાં વિકસી હતી તેથી તે પીળી નદી ઘાટી સંસ્કૃતિ તરીકે પણ ઓળખાઈ.

→ ચીનનો પ્રથમ સમ્રાટ ફૂ-સી (ઈ.સ.પૂ. 2852-ઈ.સ. પૂ. 2738) હતો. તેના સમયમાં કાંસાના ઓજારોનું

નિર્માણ, પશુપાલન, રેશમના કીડાનો ઉછેર વગેરેનો ઉદય થયો.

→ ચીનનો બીજો સમ્રાટ શેન નુંગ હતો જેણે ચીનવાસીઓને ખેતી કરવાનું શિખવ્યું.

→ ચીનના મુખ્ય પ્રાચીન રાજવંશો : (1) હાસિયા વંશ - ઈ.સ. પૂ. 2205 થી ઈ.સ. પૂ. 1766, (2) શાંગ વંશ - ઈ.સ. પૂ. 1766 થી ઈ.સ. પૂ. 1122, (3) ચાઉવંશ - ઈ.સ. પૂ. 1122 થી ઈસ.પૂ. 225, (4) ચિન વંશ - ઈ.સ.પૂ. 225 થી ઈ.સ. પૂ. 202 (5) હાન વંશ ઈ.સ. પૂ. 202 થી ઈ.સ. 220

→ હાસિયા વંશનો સ્થાપક યૂ.સી. (ઈ.સ.પૂ. 2205 થી ઈ.સ. પૂ. 2185) હતો.

→ શાંગ વંશનો સ્થાપક તાંગ હતો. શાંગ વંશનો વૂ.પી. સમ્રાટ નાસ્તિક હતો. આ વંશનો અંતિમ સમ્રાટ ચાઉ સિન હતો.

→ ચાઉ વંશનો સ્થાપક ચાઉ વૂ વાંગ હતો. આ વંશના 37 સમ્રાટોએ લગભગ 875 વર્ષ શાસન કર્યું. આ યુગમાં જ કન્ફ્યુશિયસ અને લાઓત્સે નામના બે વિચારકો થઈ ગયા.

→ ચિન વંશ પરથી પૂરા દેશનું નામ ચીન પડ્યું. આ વંશના સૌથી પ્રતાપી સમ્રાટ શી-હવાંગ-ટી હતો. તેનો શાસનકાળ ઈ.સ. પૂ. 221 થી ઈ.સ.પૂ. 210નો હતો. તેણે ઉત્તર પશ્ચિમ સીમા પર ચીનની પ્રખ્યાત દીવાલ બંધાવી.

→ હાન વંશનો સૌથી પ્રતાપી સમ્રાટ વૂ-ટી હતો. આ યુગમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર થયો. આ યુગમાં જ ચીનમાં કાગળ, શાહી અને ચાની શોધ થઈ. આ વંશના શાસનકાળને ચીનનો સુવર્ણકાળ માનવામાં આવે છે.

→ દિશાસૂચક યંત્રની શોધ ચીનમાં થઈ હતી.

→ ચીનવાસીઓને સૌપ્રથમ માહિતી હતી કે વર્ષમાં 365 1/4 દિવસ હોય છે.

(4) ગ્રીક સંસ્કૃતિ :

→ ગ્રીક સંસ્કૃતિને યુરોપિયન સંસ્કૃતિનું ઉદ્ગમસ્થાન ગણવામાં આવે છે.

→ આ સંસ્કૃતિ પ્રાચીન યુનાનની આજુબાજુ વિકસી હતી.

→ પ્રાચીન ગ્રીક સંસ્કૃતિનો ખ્યાલ મહાકવિ હોમરનાં મહાકાવ્યો ઈલિયડ અને ઓડિસીથી મળી આવે છે.

→ ક્રીટની સંસ્કૃતિને પ્રાચીન યુનાનની સંસ્કૃતિની જનની ગણવામાં આવે છે. ક્રીટની રાજધાની નાસૌસ હતી. ઈ.સ. 1894માં સર આર્થર ઈવાન્સે ક્રીટમાં ખોદકામ કરતાં નાસૌસમાં ક્રીટની રાજધાનીના ભગ્ન અવશેષો મળી આવ્યા.

→ યુનાને 'હેલસ' પણ કહેવામાં આવે છે, તેથી પ્રાચીન યુનાની સંસ્કૃતિને 'હેલનિક સંસ્કૃતિ' પણ કહેવામાં આવે છે.

→ ટ્રોજન યુદ્ધ જેની કથા હોમરે તેના મહાકાવ્યોમાં કરી છે. તે ઈ.સ. પૂ. 12 મી સદીમાં ગ્રીસવાસીઓ અને એકિયાઈ લોકો વચ્ચે લડાઈ હતી.

→ ક્રીટ, સ્પાર્ટા અને એથેન્સ મહત્ત્વનાં રાજ્યો હતાં.

→ ઈ.સ.પૂ. 500 સુધીમાં સ્પાર્ટા અને એથેન્સ બે મોટાં નગરો સ્થાપિત થઈ ચૂક્યાં હતાં.

→ ઈ.સ.પૂ. 600માં એથેન્સમાં ગણતાંત્રિક શાસન વ્યવસ્થા સફળ બની હતી.

→ સ્પાર્ટાની શાસનવ્યવસ્થા ઉમરાવ અને કુલીન લોકોના હાથમાં હતી.

→ પેરિક્લિસ (ઈ.સ.પૂ. 469 થી. ઈ.સ.પૂ. 429) ના શાસનકાળને ગ્રીક સંસ્કૃતિનો સુવર્ણકાળ ગણવામાં આવે છે.

→ સોક્રેટિસ, પ્લેટો અને એરિસ્ટોટલ પ્રાચીન ગ્રીસના દાર્શનિકો હતા. એરિસ્ટોટલ સિકંદરનો ગુરુ હતો.

→ સિકંદરે ઈ.સ.પૂ. 326માં ઝેલમ નદી પાર કરીને પંજાબના રાજા પોરસને હરાવીને ભારત પર આક્રમણ કર્યું હતું.

→ ઈસ્કિલસ, સોફોકિલસ અને યુરીપીડિઝ કરુણાંત નાટકો અને એરિસ્ટોફાનિસ હાસ્ય નાટકના રચયિતા હતા.

→ ચિકિત્સાજગતમાં હિપોક્રિટસ નોંધપાત્ર વૈજ્ઞાનિક હતો.

→ હેરોડોટસ અને ટ્યૂસીહાઈદીઝ મહત્ત્વના ઈતિહાસકારો હતા. હેરોડોટસને ઈતિહાસનો પિતા ગણવામાં આવે છે.

→ એથેન્સ વિદ્યાનું ધામ હતું.

→ ગ્રીકવાસીઓનું મુખ્ય ધાર્મિક કેન્દ્ર ડોલ્ફી અપોલોમાં આવેલું હતું.

→ પ્રાચીન ઓલિમ્પિક રમતોત્સવ શરૂ કરવાનું શ્રેય એથેન્સવાસીઓને જાય છે.

(5) રોમની સંસ્કૃતિ :

→ રોમની સંસ્કૃતિ ગ્રીક સંસ્કૃતિથી પ્રભાવિત હતી.

→ રોમન સંસ્કૃતિનું કેન્દ્ર રોમ નગર હતું જે ઈટાલીમાં આવેલું છે.

→ ગ્રીક સંસ્કૃતિને દૂર દૂર સુધી ફેલાવાનું કામ રોમન સંસ્કૃતિએ કર્યું.

→ રોમ નગર ટાઈબર નદીના મુખ્ય પ્રદેશથી 15 માઈલ દૂર એક પહાડી પર આવેલું હતું, કાલાન્તરે નજીકની અન્ય છ પહાડીઓ પર તેનો ફેલાવો થતાં રોમ 'સાત પહાડીઓનું નગર' તરીકે ઓળખાવા લાગ્યું.

→ ઈ.સ.પૂ. 600માં રોમમાં ગણતંત્રની સ્થાપના થઈ ચૂકી હતી.

→ ઈટાલીમાં એક ઉન્નત સંસ્કૃતિ વિકસિત કરવાનું શ્રેય એટ્રસ્કન નામની અનાર્ય જાતિને જાય છે.

→ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર રોમન સંસ્કૃતિની દેન છે.

→ રોમન સંસ્કૃતિની રાષ્ટ્રભાષા લેટિન હતી જે અંગ્રેજી, ફ્રેન્ચ અને ઈટાલિયન ભાષાની જનની છે.

→ રોમ નગરની સ્થાપના રીમસ અને રોમ્યુલસ નામના બે ભાઈઓએ લગભગ ઈ.સ. પૂ. 753માં કરી હતી.

→ રોમન શાસક જુલિયસ સીઝરને 'બિના તાજનો બાદશાહ' તરીકે ઓળખવામાં આવે છે. જુલિયસ સીઝરે ઈંગ્લેંડ અને ગોલ (ફ્રાન્સ) પર વિજય મેળવ્યો હતો.

→ જુલિયસ સીઝરે 365 દિવસનું વર્ષ બનાવ્યું.

→ ઈ.સ. પૂ. 44માં જુલિયસ સીઝરની હત્યા કરાઈ.

→ રોમન શાસક ઓગસ્ટસ સીઝર (ઈ.સ.પૂ. 31 થી ઈ.સ. 14) નો શાસનકાળ રોમન સંસ્કૃતિનો સુવર્ણકાળ ગણાય છે.

→ રોમન કવિ વર્જિલે 'ઈનિડ' નામે લેટિન ભાષામાં મહાકાવ્ય રચ્યું.

→ પશ્ચિમી રોમન સામ્રાજ્યની રાજધાની રોમ અને પૂર્વી રોમન સામ્રાજ્યની રાજધાની કુસ્તુનતુનિયા (કોન્સ્ટેન્ટિનોપલ) હતું.

→ બાઈઝેન્ટિયમ કલા અને વિદ્યાનું ધામ હતું.

→ આધુનિક હોસ્પિટલોનું સંગઠન રોમન સંસ્કૃતિની દેણ છે.

**(6) સિંધુખીણની સંસ્કૃતિ :**

આ માટે ભારતનો ઈતિહાસ વિભાગમાં જુઓ.

- **નવજાગૃતિ**

→ નવજાગૃતિનો પ્રારંભ સૌપ્રથમ ઈટાલીના ફ્લોરેન્સ નગરમાં થયો હતો.

→ ઈટાલીનો મહાન કવિ દાંતે (ઈ.સ. 1260–1321) ને નવજાગૃતિનો અગ્રદૂત માનવામાં આવે છે.

→ દાંતેએ પ્રાચીન લેટિન ભાષાનો ત્યાગ કરી, ઈટાલીની બોલચાલની ભાષા 'ટસ્કન' માં 'ડિવાઈન કોમેડી' નામના કાવ્યની રચના કરી હતી. તેનો જન્મ ફ્લોરેન્સમાં થયો હતો.

→ દાંતે પછી નવજાગૃતિની ભાવનાને વિકસાવનાર પેટ્રાર્ક (ઈ.સ. 1304–1367) હતો. પેટ્રાર્કને 'માનતાવાદ'નો સ્થાપક માનવામાં આવે છે. તે ઈટાલીનો નિવાસી હતો.

→ ઈટાલિયન ભાષામાં ગદ્યના જનક તરીકે બોકેશિયો (ઈ.સ. 1313–1375)ને માનવામાં આવે છે. વાર્તાકાર બોકેશિયોનું 'ડેકામેશન' પુસ્તક ઘણું જ પ્રસિદ્ધ છે.

→ મેકિયાવેલી (ઈ.સ. 1469–1567) ને આધુનિક વિશ્વનો પ્રથમ રાજનીતિક ચિંતક માનવામાં આવે છે તે ફ્લોરેન્સ શહેરનો રહેવાસી હતો. મેકિયાવેલીનું પુસ્તક 'ધી પ્રિન્સ' માં રાજ્યનું એક નવીન ચિત્ર પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

→ ઈટાલીના ત્રણ મહાન કલાકારો લિયોનાર્દો – દા–વિન્ચી, માઈકલ એન્જલો અને રાફેલની કૃતિઓમાં નવજાગૃતિની ભાવનાઓ જોવા મળે છે.

→ લિયોનાર્દો– દા–વિન્ચીએ 'ધી લાસ્ટ સપર' અને 'મોનાલિસા' નામના પ્રખ્યાત ચિત્રો દોર્યા હતા.

→ 'ધી લાસ્ટ જજમેન્ટ' અને 'ધી ફોલ ઓફ મેન માઈકલ એન્જલો' એ માઈકલ એન્જલોની વિશિષ્ટ કૃતિઓ હતી.

→ રાફેલ પણ નવજાગૃતિનો એક મહાન ચિત્રકાર હતો. તેણે જિસસ ક્રાઈસ્ટની માતા 'મેડોના'નું અમર ચિત્ર તૈયાર કર્યું હતું.

→ નવજાગૃતિ કાળમાં ચિત્રકલાના જનક તરીકે જિયાટાને ઓળખવામાં આવે છે.

→ નવજાગૃતિનો શ્રેષ્ઠ નિબંધકાર ઈંગ્લેન્ડનો 'ફ્રાન્સિસ બેકન' હતો.

→ ઈંગ્લેન્ડના લેખક ટોમસ મૂરે પોતાની કૃતિ 'યુટોપિયા' માં આદર્શ સમાજનું ચિત્ર રજૂ કર્યું હતું.

→ માર્ટિન લ્યૂથર કિંગે જર્મન ભાષામાં બાઈબલનો અનુવાદ કર્યો હતો.

→ ધર્મ સુધારણાના આંદોલનની શરૂઆત ઈંગ્લેન્ડમાં થઈ હતી. માર્ટિન લ્યૂથર કિંગ તેના પ્રવર્તક હતા.

→ જોન વિકલિફને ધર્મસુધારણા આંદોલનના 'વહેલી સવારના તારા' તરીકે ઓળખવામાં આવે છે. તેના અનુયાયીઓ લોડર્સ તરીકે ઓળખાતા હતા.

## 7.2 અમેરિકાનો સ્વાતંત્ર્ય સંગ્રામ : ઈ.સ. 1776

→ પ્રશાંત મહાસાગરનું નામ સ્પેનના રહેવાસી મેંગેલન દ્વારા પાડવામાં આવ્યું હતું.

→ અમેરિકામાં સંસ્થાનવાદનો પ્રારંભ ઈંગ્લેન્ડના રાજા જેમ્સ પ્રથમના શાસનકાળમાં થયો હતો. અમેરિકાના મૂળ નિવાસિયો 'રેડ ઈન્ડિયન' તરીકે ઓળખાતા હતા.

→ 4થી જુલાઈ, 1776 એ અમેરિકાનો સ્વતંત્રતા દિવસ ગણાય છે. ઈ.સ. 1783ની પેરિસની સંધિ દ્વારા અમેરિકન સ્વાતંત્ર્ય સંગ્રામનો અંત આવ્યો.

→ અમેરિકન ક્રાંતિનું તાત્કાલિક કારણ 'બોસ્ટન–ટી–પાર્ટી'નો બનાવ હતો. જે 16મી ડિસેમ્બર, 1773નાં રોજ બન્યો હતો.

→ લોકશાહીની સૌપ્રથમ શરૂઆત અમેરિકાથી થઈ. તેને આધુનિક પ્રજાતંત્રની જનની તરીકે ઓળખવામાં આવે છે. ધર્મનિરપેક્ષ રાજ્યની સ્થાપના પણ સૌપ્રથમ અમેરિકામાં થઈ.

→ અમેરિકન ક્રાંતિનું સૂત્ર હતું 'પ્રતિનિધિત્વ નહીં તો કર નહીં.'

→ વિશ્વનું સૌપ્રથમ લેખિત બંધારણ અમેરિકા દ્વારા ઈ.સ. 1789માં દાખલ કરવામાં આવ્યું.

→ ઈ.સ. 1781માં સંસ્થાનવાસીઓના લશ્કર સામે શરણાગતિ સ્વીકારનાર બ્રિટેનના લશ્કરનો સેનાપતિ લોર્ડ કોર્નવોલિસ હતો.

→ અમેરિકા વિશ્વનો પ્રથમ દેશ હતો કે જેણે મનુષ્યની સમાનતા તથા તેના મૌલિક અધિકારોની ઘોષણા કરી હતી.

→ ઈ.સ. 1808થી મૌલિક અધિકારોની ઘોષણા કરવામાં આવી હતી.

→ ઈ.સ. 1808થી અમેરિકાએ ગુલામોની આયાતને ગેરબંધારણીય જાહેર કરી. 1લી જાન્યુઆરી, 1863 થી અબ્રાહમ લિંકન દ્વારા ગુલામી પ્રથા નાબૂદ કરવામાં આવી.

→ અમેરિકામાં ફિલોસોફિકલ સોસાયટીની સ્થાપના બેન્જામિન ફ્રેંકલિન દ્વારા કરવામાં આવી હતી.

## 7.3 ફ્રાંસની ક્રાંતિ : ઈ.સ. 1789

→ ઈ.સ. 1789માં લૂઈ સોળમો ગાદીએ આવ્યો, તેની પત્ની રાણી મેરી આન્તેવાઈન ઓસ્ટ્રિયાની રાજકુમારી હતી.

→ ફ્રાન્સની ક્રાંતિમાં વોલ્તેર, મોન્તેસ્ક તથા રૂસોનું પ્રદાન સૌથી વધુ હતું.

→ વોલ્તેર ચર્ચનો વિરોધી હતો, રૂસો ફ્રાન્સમાં લોકશાહી પ્રજાસત્તાક રાજ્યના હિમાયતી હતા.

→ 'સો ઉંદરોની સરખામણીમાં એક સિંહનું શાસન વધારે સારું છે' આ વિધાન વોલ્તેરનું હતું.

→ 'સોશ્યલ કોન્ટ્રાક્ટર' અને 'એમિલી' એ રૂસોના તથા 'લેટર્સ ઓન ઈંગ્લિશ' એ વોલ્તેરનું પ્રખ્યાત પુસ્તક છે.

→ 'કાનૂનનો આત્મા' નામનું પુસ્તક મોન્તેસ્કની રચના હતી.

→ તોલ–માપ માટેની 'દશમલવ પ્રણાલી' ફ્રાન્સની દેન છે.

→ નેપોલિયનનો જન્મ 15 મી ઓગષ્ટ, 1769માં કોર્સિકાની રાજધાની અજાસિયોમાં થયો હતો. તેના પિતાનું નામ કાર્લો બોનાપાર્ટ હતું.

→ ઈ.સ. 1804માં નેપોલિયન ફ્રાન્સનો સમ્રાટ બન્યો, આધુનિક ફ્રાન્સનો નિર્માતા નેપોલિયનને ગણવામાં આવે છે.

→ મિત્ર રાષ્ટ્રોના લશ્કરે 18 જૂન, 1815ના રોજ વોટરલૂના યુદ્ધમાં નેપોલિયનને પરાજય આપી કેદી બનાવી સેંટ હેલેનાની જેલ મોકલી દીધો હતો. જ્યાં ઈ.સ. 1821માં તેનું અવસાન થયું. નેપોલિયન 'લિટલ કાર્પોરલ' તરીકે પણ ઓળખાય છે.

### ● ઈટાલીનું એકીકરણ

→ રશિયા પરના નેપોલિયનના આક્રમણને તેના પતનનું મુખ્ય કારણ ગણવામાં આવે છે.

→ ઈટાલીના એકીકરણના જનક તરીકે જોસેફ મેઝિનીને ઓળખવામાં આવે છે. તેનો જન્મ 'જીનિવા' માં થયો હતો.

→ ઈટાલીના એકીકરણમાં સૌથી મોટું અવરોધરૂપ ઓસ્ટ્રિયા હતું.

→ ઈટાલીના એકીકરણની સમસ્યાને આંતરરાષ્ટ્રીય સમસ્યા બનાવવાનું કામ કાવુરે કર્યું હતું.

→ ઈટાલીના એકીકરણની તલવાર ગેરિબાલ્ડીને ગણવામાં આવે છે.

→ લોમ્બાર્ડી અને સાર્ડિનીયા રાજ્યોના જોડાણથી ઈટાલીના એકીકરણની શરૂઆત થઈ.

→ ઈટાલીના અલગ રાજ્યનો જન્મ 2જી એપ્રિલ, 1860ને ગણવામાં આવે છે.

→ ઈ.સ. 1871 થી રોમને સંયુક્ત ઈટાલીની રાજધાની બનાવવામાં આવી.

→ 'જો સમાજમાં ક્રાંતિ લાવવી હોય તો ક્રાંતિનું નેતૃત્વ નવયુવાનોના હાથમાં આપવું જોઈએ.' આ વિધાન જોસેફ મેઝિનીનું હતું.

→ ઈટાલીનું એકીકરણ ઈ.સ. 1871માં કાવુર દ્વારા કરવામાં આવ્યું.

→ ઈટાલીની એકતાનો જન્મદાતા નેપોલિયનને ગણવામાં આવે છે.

● જર્મનીનું એકીકરણ

→ જર્મનીનું એકીકરણ બિસ્માર્કે કર્યું હતું. બિસ્માર્ક પ્રશાના શાસક વિલિયમ પ્રથમનો પ્રધાનમંત્રી હતો.

→ જર્મનીમાં રાષ્ટ્રીયતાના સંદેશવાહક તરીકે નેપોલિયન બોનાપાર્ટને ગણવામાં આવે છે.

→ જર્મનીની રાષ્ટ્રીય મહાસભા ડાયટના નામે ઓળખાતી હતી. તે ફ્રેંકફર્ટમાં આવેલી હતી.

→ ઈ.સ. 1815 થી 1850 સુધી જર્મની પર ઓસ્ટ્રિયાનું આધિપત્ય હતું. ઓસ્ટ્રિયાનો ચાન્સેલર મેટરનિક હતો.

→ વિલિયમ પ્રથમે બિસ્માર્કને બાજીગર તરીકે ઓળખાવ્યો હતો.

→ સુદાનના યુદ્ધ પછી જર્મનીના એકીકરણનો પ્રશ્ન શક્ય બન્યો.

### 7.4 રશિયન ક્રાંતિ

→ 'સમાજવાદ' શબ્દનો સૌપ્રથમ ઉપયોગ રોબર્ટ ઓવન દ્વારા કરવામાં આવ્યો હતો. તે વેલ્સ શહેરનો રહેવાસી હતો. કાર્લમાર્ક્સ જર્મનીનો રહેવાસી હતો. વૈજ્ઞાનિક સમાજવાદનો સર્જક કાર્લમાર્ક્સને ગણવામાં આવે છે.

→ કાર્લમાર્ક્સે 'કોમ્યુનિસ્ટ મેનિફેસ્ટો' તથા 'દાસ કેપિટલ' નામના પ્રખ્યાત પુસ્તકો લખ્યા હતા.

→ ફ્રાંસિસી સામ્યવાદનો પ્રણેતા સેંટ સાઈમનને ગણવામાં આવે છે.

→ 'દુનિયાના કામદારો સંગઠિત થાય' નું સૂત્ર કાર્લમાર્ક્સે આપ્યું હતું.

→ રશિયાના શાસકો 'ઝાર' રાજવીઓ તરીકે ઓળખાતા હતા. આ 'ઝાર' રાજાશાહી માર્ચ, 1917માં સમાપ્ત કરવામાં આવી.

→ ઝાર મુક્તિદાતા તરીકે 'એલેક્ઝાંડર દ્વિતીય' ને ઓળખવામાં આવે છે.

→ રશિયાનો અંતિમ ઝાર રાજવી ઝાર નિકોલસ દ્વિતીય હતો.

→ ઈ.સ. 1917માં થયેલ રશિયન ક્રાંતિનું તાત્કાલિક કારણ પ્રથમ વિશ્વયુદ્ધમાં રશિયાનો પરાજય હતું.

→ 7મી નવેમ્બર, 1917માં થયેલી બોલ્શેવિક ક્રાંતિનો નેતા લેનિન હતો.

→ લાલ સૈનિકો 'રેડ આર્મી'નું સંગઠન ટ્રોટસ્કીએ કર્યું હતું.

→ 'એક ઝાર, એક ચર્ચ અને એક રશિયા' નું સૂત્ર ઝાર નિકોલસ બીજાએ આપ્યું હતું.

→ શૂન્યવાદના જનક તરીકે તુર્ગનેવને ઓળખવામાં આવે છે.

→ આધૂનિક રશિયાના નિર્માતા તરીકે 'સ્ટાલિન' ને ઓળખવામાં આવે છે.

→ 'રાઈટ્સ ઓફ મેન' નો લેખક ટોમસ પેન હતો જ્યારે 'મધર' ની રચના મૈક્સિમ ગોર્કીએ કરી હતી.

→ પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન લેનિનનું સૂત્ર હતું. 'યુદ્ધનો અંત લાવો.'

→ ફ્રેડરિક એન્જલસ કાર્લમાર્ક્સનો આજીવન મિત્ર હતો.

● ઈંગ્લેન્ડમાં ઔદ્યોગિક ક્રાંતિ

→ ઔદ્યોગિક ક્રાંતિની સૌપ્રથમ શરૂઆત ઈંગ્લેન્ડમાં થઈ હતી.

→ ઈંગ્લેન્ડમાં ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત સુતરાઉ કાપડ ઉદ્યોગથી થઈ હતી.

→ સ્કોટલેન્ડના રહેવાસી મેકડામે સૌપ્રથમ વાર ડામરનો ઉપયોગ કરી, પાકા રસ્તાઓ બનાવવાની રીત શોધી હતી.

→ ઔદ્યોગિક ક્રાંતિની હરિફાઈમાં જર્મની ઈંગ્લેન્ડનું પ્રતિસ્પર્ધી હતું.

→ ઈંગ્લેન્ડમાં રક્તવિહીન ક્રાંતિ ઈ.સ. 1688માં થઈ હતી. તે સમયે ઈંગ્લેન્ડનો શાસક જેમ્સ દ્વિતીય હતો.

→ સૌ વર્ષીય યુદ્ધો ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ વચ્ચે લડાયા હતા.

→ ઈ.સ. 1215માં ઈંગ્લેન્ડના સામંતોએ રાજા જોનને એક અધિકાર પત્ર પર સહી કરવાની ફરજ પાડી હતી. આ અધિકારપત્ર 'મેગ્નાકાર્ટા' તરીકે ઓળખાય છે.

→ એલિઝાબેથ પ્રથમ ટ્યૂડર વંશ સાથે સંબંધ ધરાવતી હતી.

→ ઈંગ્લેન્ડમાં ગૃહયુદ્ધ સાત વર્ષ સુધી ચાલ્યું હતું.

→ ઈંગ્લેન્ડના રાજા ચાર્લ્સ પ્રથમને ફાંસીની સજા કરવામાં આવી હતી.

## 7.5 પ્રથમ વિશ્વયુદ્ધ : ઈ.સ. 1914 થી ઈ.સ. 1918

- → પ્રથમ વિશ્વયુદ્ધની શરૂઆત 28 જુલાઈ, 1914 ના રોજ થઈ હતી. તે ચાર વર્ષ સુધી ચાલ્યું હતું. તેમાં 37 જેટલા દેશોએ ભાગ લીધો હતો.
- → પ્રથમ વિશ્વયુદ્ધનું તાત્કાલિક કારણ ઓસ્ટ્રિયાના રાજકુમાર આર્કડ્યુક ફ્રાન્સિસ ફર્ડિનાન્ડની બોસ્નિયાની રાજધાની સારાજેવામાં હત્યા કરવામાં આવી હતી તે હતું.
- → પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન સમગ્ર વિશ્વ બે ભાગમાં વહેંચાઈ ગયું હતું. એક મિત્ર રાષ્ટ્ર (ઈંગ્લેન્ડ, જાપાન, રશિયા, સંયુક્ત રાષ્ટ્ર અમેરિકા, ફ્રાન્સ) જ્યારે બીજું હતું ધરી રાષ્ટ્રો (ઓસ્ટ્રિયા, હંગેરી, ઈટાલી, જર્મની)
- → ગુપ્ત સંધિઓની સૌપ્રથમ શરૂઆત બિસ્માર્કે કરી હતી.
- → સર્બિયામાં 'બ્લેક હેન્ડ' નામની ગુપ્ત ક્રાંતિકારી સંસ્થા હતી.
- → રશિયા– જાપાન યુદ્ધ (ઈ.સ. 1904–1905) નો અંત અમેરિકાના રાષ્ટ્રપતિ એફ.ડી. રૂઝવેલ્ટની મધ્યસ્થતાથી આવ્યો હતો.
- → પ્રથમ વિશ્વયુદ્ધ વખતે અમેરિકાના રાષ્ટ્રપતિ વુડ્રો વિલ્સન હતા.
- → અમેરિકા 6 એપ્રિલ, 1917ના રોજ પ્રથમ વિશ્વયુદ્ધમાં સામેલ થયું હતું.
- → પ્રથમ વિશ્વયુદ્ધનો અંત 11 નવેમ્બર, 1918માં આવ્યો હતો.
- → 18 જૂન, 1919માં પેરિસ મુકામે શાંતિ પરિષદ ભરવામાં આવી હતી. જેમાં 27 દેશોએ ભાગ લીધો હતો. અમેરિકા તરફથી વુડ્રો વિલ્સન, બ્રિટેનના વડાપ્રધાન લોયડ જ્યોર્જ અને ફ્રાન્સના વડાપ્રધાન જ્યોર્જ ક્લેમેંશો હાજર રહ્યા હતા.
- → વર્સેલ્સની સંધિ 28 જૂન, 1919ના રોજ જર્મની સાથે થઈ હતી.
- → વર્સેલ્સની સંધિમાં યુદ્ધના નુકશાન માટે જર્મની પાસેથી 6 અબજ 50 કરોડ પાઉન્ડની રકમ માંગવામાં આવી હતી.

### ● ચીનની ક્રાંતિ

- → ચીનમાં મંચુ રાજવંશની સ્થાપના 1911માં થઈ હતી.
- → ઈ.સ. 1911માં થયેલ ચીનની ક્રાંતિના મુખ્ય નેતા ડૉ. સુનયાત સેન હતા.
- → ઈ.સ. 1905માં સુનયાત સેને તુંગ–મેંગ દળની સ્થાપના કરી હતી. જેનો મુખ્ય ઉદ્દેશ્ય ચીનમાંથી મંચુવંશનો નાશ કરવાનો હતો.
- → કોવીનેડ લીગ સોસાયટીના સ્થાપક સુનયાત સેન હતા.
- → ડૉ. સુનયાત સેન ચીનના રાષ્ટ્રપિતા તરીકે ઓળખાય છે.
- → માઓત્સે–તુંગનો જન્મ ઈ.સ. 1893માં હુનાન શહેરમાં થયો હતો.
- → ચ્વાંગ–કાઈ–શેકે કેન્દ્રિય સરકારની સત્તા નાનકિંગમાં સંભાળી હતી.
- → ચ્વાંગ–કાઈ–શેકે પોતાની અંતિમ સરકારની સ્થાપના ફારમોસામાં કરી હતી.
- → સામ્યવાદીઓનો અંત લાવવા માટે ચ્વાંગ–કાઈ–શેકે 'બ્લુશર્ટ આતંકવાદી' નામનું સંગઠન ઊભું કર્યું હતું.
- → માઓત્સે–તુંગના નેતૃત્વમાં 1લી ઓક્ટોબર – 1949માં ચીનમાં લોકહિતવાદી ગણરાજ્યની સ્થાપના થઈ હતી.
- → ચીની સામ્યવાદી ગણતંત્રનો પ્રથમ અધ્યક્ષ માઓત્સે–તુંગ હતો.
- → ચીનને 'એશિયાની બિમારી' તરીકે પણ ઓળખવામાં આવે છે.

### ● તુર્કી અને ઈટાલીમાં ફાંસીવાદ

- → તુર્કીને 'યુરોપની બિમારી' તરીકે ઓળખવામાં આવે છે.
- → પાન ઈસ્લામાબાદનું સૂત્ર અબ્દુલ હમીદ દ્વિતીય એ આપ્યું હતું.
- → ઈ.સ. 1908માં અબ્દુલ હમીદ દ્વિતીયના શાસનકાળમાં યુવા તુર્કી આંદોલનની સ્થાપના થઈ હતી.
- → પ્રથમ વિશ્વયુદ્ધ પછી 10મી ઓગષ્ટ, 1920ના રોજ તુર્કી સાથે સેવ્રેની અપમાનજનક સંધિ કરવામાં આવી હતી. જેનો તુર્કીના શાસક મુસ્તફા કમાલ પાશાએ અસ્વીકાર કર્યો હતો.
- → આધુનિક તુર્કીના નિર્માતા તરીકે મુસ્તફા કમાલ પાશાને ઓળખવામાં આવે છે. જ્યારે 'અતાતુર્ક' (તુર્કીના પિતા) તરીકે ઓળખવામાં આવે છે.
- → મુસ્તફા કમાલ પાશાનો જન્મ ઈ.સ. 1881માં સોલોનિકામાં થયો હતો.

- → તુર્કીમાં એકતા અને પ્રગતિ સમિતિની સ્થાપના ઈ.સ. 1889માં થઈ હતી.
- → 23મી ઓક્ટોબર, 1923માં તુર્કી ગણતંત્રની સ્થાપના કરવામાં આવી હતી.
- → મુસ્તફા કમાલ પાશાએ 3 માર્ચ, 1929માં ખિલાફત આંદોલનનો અંત લાવી દીધો હતો.
- → તુર્કીના નવા ગણતંત્રના રાષ્ટ્રપતિ તરીકે મુસ્તફા કમાલ પાશા હતા.
- → ઈસ્તુંમબુલનું પ્રાચીન નામ કોન્સ્ટેન્ટિનોપલ હતું.
- → ફાંસીવાદનો સૌપ્રથમ ઉદય ઈટાલીમાં થયો હતો. તેનો જન્મદાતા મુસોલિની હતો.
- → મુસોલિનીનો જન્મ ઈ.સ. 1883માં 'રોમાગ્ના' નામના ગામમાં થયો હતો.
- → મુસોલિની 'ડ્યૂસ' તરીકે પણ ઓળખાતો હતો.
- → ફાંસીવાદીઓ રાષ્ટ્રવાદના સમર્થકો હતા તથા તેઓ 'બ્લેક ખમીસ' (કાળો શર્ટ) ધારણ કરતા હતા.
- → મુસોલિની દ્વારા બનાવવામાં આવેલી નિગમોની સંખ્યા 22 હતી.
- → ઈટાલીમાં ફાંસીવાદનો 28મી એપ્રિલ, 1945ના રોજ અંત આવ્યો.

- **હિટલર અને જર્મનીમાં નાઝીવાદ**
  - → જર્મનીમાં નાઝીપક્ષની સ્થાપના હિટલરના નેતૃત્વમાં થઈ હતી.
  - → હિટલરનો જન્મ 20 એપ્રિલ, 1889માં બાવેરિયા નજીક બ્રાઉ નામના ગામમાં થયો હતો.
  - → ઈ.સ. 1920માં હિટલરે 'નેશનલ સોશ્યાલિસ્ટ પાર્ટી' અથવા નાઝી દળની સ્થાપના કરી હતી.
  - → જર્મન વર્કર પાર્ટીનો સંસ્થાપક પણ હિટલર જ હતો.
  - → ઈ.સ. 1933માં હિટલર જર્મનીનો પ્રધાનમંત્રી બન્યો. તે સમયે હિડેનબર્ગ જર્મનીનો રાષ્ટ્રપતિ હતો.
  - → 'એક રાષ્ટ્ર એક નેતા' નું સૂત્ર જર્મન પ્રજાને હિટલરે આપ્યું હતું.
  - → હિટલરની આત્મકથાનું નામ 'મારો સંઘર્ષ' (My Kemf) હતું.
  - → 1લી સપ્ટેમ્બર, 1939માં હિટલર દ્વારા પોલેન્ડ પર આક્રમણ કરાતા દ્વિતીય વિશ્વયુદ્ધનો પ્રારંભ થયો.
  - → હિટલરે 30મી એપ્રિલ, 1945નાં રોજ આત્મહત્યા કરી હતી.
  - → જાપાનના સામ્રાજ્યવાદનો પ્રથમ શિકાર ચીન બન્યું હતું.
  - → ઈ.સ. 1905માં નાનકડા જાપાને યુદ્ધમાં રશિયાને પરાજય આપ્યો હતો.

## 7.6 દ્વિતીય વિશ્વયુદ્ધ : ઈ.સ. 1939 થી ઈ.સ. 1945

- → 'પીત આતંક' ના નામથી જાપાનને સંબોધવામાં આવે છે.
- → દ્વિતિય વિશ્વયુદ્ધમાં જાપાને ધરી રાષ્ટ્રોને સાથ આપ્યો હતો.
- → અમેરિકાએ જાપાન પર પહેલો પરમાણું હુમલો 6 ઓગષ્ટ, 1945નાં રોજ હિરોશિમા પર કર્યો હતો.
- → 10મી સપ્ટેમ્બર, 1945નાં રોજ જાપાને દ્વિતીય વિશ્વયુદ્ધમાં શરણાગતિ સ્વીકારી હતી.
- → 1લી સપ્ટેમ્બર, 1939 નાં રોજ દ્વિતીય વિશ્વયુદ્ધનો પ્રારંભ થયો હતો. જ્યારે 2જી સપ્ટેમ્બર, 1945નાં રોજ તેનો અંત આવ્યો હતો. આ યુદ્ધ છ વર્ષ સુધી ચાલ્યું હતું જેમાં 61 જેટલા દેશોએ ભાગ લીધો હતો.
- → દ્વિતીય વિશ્વયુદ્ધ માટે તાત્કાલિક કારણ જર્મનીનું પોલેન્ડ પરનું આક્રમણ હતું.
- → જર્મનીએ વર્સેલ્સની સંધિનો ભંગ 1935માં કર્યો હતો.
- → સંયુક્ત રીતે ઈટાલી અને જર્મનીનો પ્રથમ શિકાર સ્પેન બન્યું હતું.
- → જર્મની દ્વારા સોવિયેત સંઘ પર કરવામાં આવેલી આક્રમણની યોજનાને ઓપરેશન બારબોસા તરીકે ઓળખવામાં આવે છે.
- → ઈટાલી 10મી જૂન, 1940ના રોજ જર્મનીના પક્ષે યુદ્ધમાં જોડાયું હતું.
- → 8મી સપ્ટેમ્બર, 1941નાં રોજ અમેરિકાએ ધરીરાષ્ટ્રો વિરુદ્ધ યુદ્ધમાં જોડાયું.
- → દ્વિતીય વિશ્વયુદ્ધ વખતે ઈંગ્લેન્ડના વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલ હતા જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ફ્રેન્કલીન ડી. રૂઝવેલ્ટ હતા.
- → દ્વિતીય વિશ્વયુદ્ધમાં મિત્રરાષ્ટ્રો દ્વારા હારનાર અંતિમ રાષ્ટ્ર જાપાન હતું.
- → અમેરિકાએ હિરોશિમા ઉપર 'ફેટમેન' તથા નાગાસાકિ પર 'લિટલબોય' નામના અણુબોમ્બ ફેકયા હતા.
- → આંતરાષ્ટ્રીય ક્ષેત્રે દ્વિતીય વિશ્વયુદ્ધનું સૌથી મોટું પરિણામ સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના હતું.

### 7.7 વિશ્વનાં મહત્ત્વનાં યુદ્ધો :

| | યુદ્ધનું નામ | વર્ષ | કોની સાથે |
|---|---|---|---|
| 1. | મેરાથનનું યુદ્ધ | ઈ.સ.પૂ. 490 | – એથેન્સવાસીઓએ ફારસ (ઈરાન) ના લોકોને હરાવ્યા. |
| 2. | થર્મોપલ્લીનું યુદ્ધ | ઈ.સ. પૂ. 480 | – સ્પાર્ટાએ ફારસના લોકોને હરાવ્યા. |
| 3. | કેરોનિયાનું યુદ્ધ | ઈ.સ. પૂ. 338 | – ફિલિપ દ્વિતીયે યુનાને હરાવ્યું. |
| 4. | હાઈડેસ્પીઝનું યુદ્ધ | ઈ.સ. પૂ. 326 | – સિકંદરે પંજાબના રાજા પોરસને હરાવ્યો. |
| 5. | કલિંગનું યુદ્ધ | ઈ.સ. પૂ. 261 | – સમ્રાટ અશોકે તોસલી પર અધિકાર જમાવ્યો. |
| 6. | ફાર્સાલુસનું યુદ્ધ | ઈ.સ. 48 | – જુલિયસ સીઝરે પામ્પેઈને હરાવ્યો. |
| 7. | એક્ટિયમનું યુદ્ધ | ઈ.સ.પૂ. 31 | – ઓક્ટોવિયને એન્ટની અને ક્લિયોપેટ્રાને હરાવ્યા. |
| 8. | પ્રથમ ધર્મયુદ્ધ | ઈ.સ. 1099 | – આરબો અને ખ્રિસ્તીઓ જેરૂસલેમ પર ખ્રિસ્તીઓનો કબજો. |
| 9. | દ્વિતીય ધર્મયુદ્ધ | ઈ.સ. 1148 | – મુસલમાનો અને ખ્રિસ્તીઓ |
| 10. | ત્રીજું ધર્મયુદ્ધ | ઈ.સ. 1192 | – મુસલમાનો અને ખ્રિસ્તીઓ |
| 11. | તરાઈનનું બીજું યુદ્ધ | ઈ.સ. 1192 | – મહમંદ ઘોરીએ પૃથ્વીરાજ ચૌહાણને હરાવ્યો. |
| 12. | ક્રેસીનું યુદ્ધ | ઈ.સ. 1346 | – ફ્રાન્સ અને સ્કોટલેન્ડ પર અંગ્રેજોનો વિજય |
| 13. | એગિનકોર્ટનું યુદ્ધ | ઈ.સ. 1415 | – ઈંગ્લેંડના હેનરી પાંચમાનો ફ્રાંસ પર વિજય |
| 14. | પાણીપતનું પ્રથમ યુદ્ધ | ઈ.સ. 1526 | – બાબરે ઈબ્રાહિમ લોદીને હરાવ્યો. |
| 15. | જિબ્રાલ્ટર ખાડી યુદ્ધ | ઈ.સ. 1606-1607 | – હોલેન્ડ, સ્પેન અને પોર્ટુગલ વચ્ચે. |
| 16. | બિશપ યુદ્ધ | ઈ.સ. 1639-40 | – સ્કોટલેન્ડ અને ઈંગ્લેંડ વચ્ચે |
| 17. | હેસ્ટિંગ્ઝનું યુદ્ધ | ઈ.સ. 1660 | – ડ્યૂક વિલિયમ પ્રથમ અને ઈંગ્લેંડના શાસક હેરાલ્ડ વચ્ચે |
| 18. | નીલ નદીનું યુદ્ધ | ઈ.સ. 1798 | – ઈંગ્લેંડ અને ફ્રાંસ વચ્ચે |
| 19. | ટ્રેફ્લગર યુદ્ધ | ઈ.સ. 1805 | – ફ્રાંસ, રશિયા અને ઓસ્ટ્રિયા વચ્ચે |
| 20. | વોટરલૂની લડાઈ | ઈ.સ. 1815 | – બ્રિટન અને ફ્રાંસ, નેપોલિયનની હાર |
| 21. | અફીણ યુદ્ધ | ઈ.સ. 1839-40 | – બ્રિટન અને ચીન વચ્ચે |
| 22. | ક્રીમિયન યુદ્ધ | ઈ.સ. 1853-56 | – બ્રિટન ફ્રાંસ અને તુર્કી વિરુદ્ધ રશિયા. |
| 23. | ફ્રેંકો - પ્રશિયન યુદ્ધ | ઈ.સ. 1870 | – ફ્રાંસ અને પ્રશિયા વચ્ચે |
| 24. | બોઅર્સ યુદ્ધ | ઈ.સ. 1880-81 | – દક્ષિણ આફ્રિકામાં બ્રિટન અને સ્થાનિકો સાથે |
| 25. | ચીન - જાપાન યુદ્ધ | ઈ.સ. 1894-95 | – જાપાન અને ચીન |
| 26. | રશિયા - જાપાન યુદ્ધ | ઈ.સ. 1904-1905 | – જાપાન અને રશિયા |
| 27. | પ્રથમ વિશ્વયુદ્ધ | ઈ.સ. 1914 થી 1918 | – મિત્ર રાષ્ટ્રો અને જર્મની વગેરે સાથે. |
| 28. | દ્વિતીય વિશ્વયુદ્ધ | ઈ.સ. 1939 થી 1945 | – મિત્ર રાષ્ટ્રો અને જર્મની, ઈટાલી, જાપાન વચ્ચે |
| 29. | કોરિયા યુદ્ધ | ઈ.સ. 1954 | – ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરીયા |
| 30. | સુએઝ નહેર યુદ્ધ | ઈ.સ. 1956 | – બ્રિટન, ફ્રાંસ અને ઈઝરાઈલ વિરુદ્ધ ઈજિપ્ત |
| 31. | ભારત - પાકિસ્તાન યુદ્ધ | ઈ.સ. 1965, 1971 | – 1971માં બાંગ્લાદેશ અલગ દેશ બન્યો. |
| 32. | અરબ - ઈઝરાઈલ યુદ્ધ | ઈ.સ. 1973 | – ઈઝરાઈલ અને અરબ રાષ્ટ્રો વચ્ચે |
| 33. | ફોકલેંડ યુદ્ધ | ઈ.સ. 1982 | – બ્રિટન અને આર્જેન્ટિના વચ્ચે. |
| 34. | ખાડી યુદ્ધ | ઈ.સ. 1991 | – ઈરાક અને કુવૈત પર હુમલાના કારણે મિત્ર દેશોના ગઠબંધને ઈરાકને હરાવ્યું. |
| 35. | અફઘાનિસ્તાન યુદ્ધ | ઈ.સ. 2001 | – ઓસામાબિન લાદેનને નેસ્તનાબૂદ કરવા અમેરિકાનું અફઘાનિસ્તાન પર આક્રમણ. |

## 7.8 વિશ્વ ઈતિહાસની મહત્ત્વની તિથિઓ :
### ઈસવીસન પૂર્વ (BC)

2980 – મેમ્ફિસ નગરમાં મિસર (ઈજિપ્ત) ની રાજધાનીની સ્થાપના.

2650 – ઈજિપ્તના પ્રથમ પિરામિડનું નિર્માણ.

1990 – ઉત્તરી મેસોપોટેમિયા (અસીરિયા) પર બેબીલોન શાસક હમ્બુરાબીનું આધિપત્ય.

1000 – ફિનીશિયન લોકો દ્વારા વર્ણ આધારિત લિપ અને લખાણનો વિકાસ.

776 – પ્રાચીન ગ્રીસમાં પ્રથમ ઓલિમ્પિક રમતોત્સવનું આયોજન.

753 – રોમ નગરની સ્થાપના

745 – અસીરિયન સામ્રાજ્યનો ઉત્કર્ષ

621 – ડ્રેકો દ્વારા એથિનિયમ સંહિતાનું પ્રકાશન

586 – બેબીલિનોનો જેરૂસલેમ પર અધિકાર

563 – ગૌતમ બુદ્ધનો જન્મ

540 – મહાવીર સ્વામીનો જન્મ

509 – રોમન ગણરાજ્યની સ્થાપના

483 – ગૌતમ બુદ્ધનું અવસાન

480 – થર્મોપલ્લીનું યુદ્ધ

468 – મહાવીર સ્વામીનું અવસાન

461 – એથેન્સ અને સ્પાર્ટા વચ્ચે યુદ્ધ

425 – હેરોડોટસનું અવસાન

347 – પ્લેટોનું અવસાન

336 – મહાન સિકંદર મેસીડોનિયાની રાજગાદી પર બેઠો.

326 – હાઈડાસ્પીઝ યુદ્ધમાં સિકંદરે પંજાબના રાજા પોરસને હરાવ્યો.

323 – બેબિલોનમાં સિકંદરનું અવસાન

321 – ચન્દ્રગુપ્ત મૌર્ય દ્વારા મૌર્ય સામ્રાજ્યની સ્થાપના, એરિસ્ટોટલનું અવસાન.

273 – સમ્રાટ અશોકનો રાજ્યાભિષેક

214 – ચીનની મહાન દીવાલનું નિર્માણ

212 – આર્કિમિડીઝની હત્યા.

124 – પ્રશાસનિક કર્મચારીઓને પ્રશિક્ષણ આપવા ચીનમાં પ્રથમ પ્રશિક્ષણ સંસ્થાનની સ્થાપના.

55 – જુલિયસ સીઝરનો બ્રિટન પર વિજય

44 – જુલિયસ સીઝરની હત્યા.

27 – રોમન સેનેટે ઓક્ટોવિયનને 'ઓગસ્ટસ' ની ઉપાધિ આપી.

4 – ઈસુ ખ્રિસ્તીનો જેરૂસલેમ પાસેના બેથલેહેમમાં જન્મ.

### ઈસવીસન (A. D.)

6 – ચીનમાં સિવિલ સેવાનો પ્રારંભ

14 – રોમન સમ્રાટ 'ઓગસ્ટસ' નું નિધન

29 – ઈસુ ખ્રિસ્તને વધસ્થંભ પર ચઢાવવામાં આવ્યા.

63 – સેન્ટ પોલનું અવસાન

68 – સમ્રાટ નીરોનું અવસાન

79 – વિસુવિયસ જ્વાળામુખી ફાટતાં પામ્પેઈ અને હર્કુલેનિયમ નગરો સંપૂર્ણ નાશ પામ્યાં.

180 – સમ્રાટ માર્કસ ઓરેલિયસના અવસાન સાથે રોમન સામ્રાજ્યના પતનનો પ્રારંભ.

251 – રોમન સમ્રાટ ડેસિયસની ગોથો દ્વારા હત્યા.

320 – ભારતમાં ગુપ્ત વંશની સ્થાપના.

410 – ગોથ એલેરિક દ્વારા રોમન સામ્રાજ્યનું પતન.

570 – હજરત મહંમદ પયગંબરનો જન્મ

622 – હિજરી સંવતનો પ્રારંભ

632 – હજરત મહંમદ પયગંબરનું અવસાન, અબુ બકર પ્રથમ ખલીફા બન્યા.

638 – મુસલમાનો દ્વારા જેરૂસલેમ પર અધિકાર

786 – બગદાદમાં ખલીફા હારૂન-અલ-રશીદનું રાજ્યારોહણ

868 – ચીનમાં પ્રથમ પુસ્તકનું પ્રકાશન.

960 – ચીનમાં શુંગવંશનો પ્રારંભ

982 – નાર્સમેન દ્વારા ગ્રીનલેન્ડની શોધ.

1066 – નોરમંડીના ડ્યૂક વિલિયમ પ્રથમનો ઈંગ્લેંડ પર વિજય

1135 – સ્ટીફન ઈંગ્લેંડની ગાદી પર આવ્યો.

1161 – ચીને યુદ્ધમાં વિસ્ફોટક સામગ્રીનો ઉપયોગ કર્યો.

1206 – ચંગેઝ ખાં મંગોલોનો સરદાર બન્યો.

1215 – ઈંગ્લેંડમાં મેગ્નાકાર્ટા પર કિંગ જોન દ્વારા હસ્તાક્ષર

1284 – ઈંગ્લેંડમાં એડવર્ડ પ્રથમ દ્વારા વેલ્સ પર અધિકાર

1291 – ખ્રિસ્તીઓ અને મુસલમાનો વચ્ચે ધર્મયુદ્ધની સમાપ્તિ.

1338 – ઈંગ્લેંડ અને ફ્રાન્સ વચ્ચે શતવર્ષીય યુદ્ધનો પ્રારંભ

1348 – ઈંગ્લેંડમાં પ્લેગ (બ્લેક ડેથ) માં મોટી જાનહાનિ

1363 – તૈમુરલિંગ દ્વારા એશિયા વિજય અભિયાનનો પ્રારંભ
1381 – ઈંગ્લેંડમાં કિસાન વિદ્રોહ
1398 – તૈમુર લિંગનું ભારત પર આક્રમણ
1415 – એગિનકોર્ટના યુદ્ધમાં ઈંગ્લેંડના હેનરી પંચમનો ફ્રાન્સ પર વિજય.
1429 – જોન ઓફ આર્કના નેતૃત્વમાં ફ્રાન્સનો ઓર્લિયન્સ પર વિજય.
1431 – જોન ઓફ આર્કને witch (ડાકણ) ગણીને જીવતી સળગાવવામાં આવી.
1453 – કોન્સ્ટેન્ટિનોપલ પર તુર્કોનું આધીપત્ય કોન્સ્ટેન્ટિનોપલનું પતન.
1488 – બાર્થોલોમ્યુ ડાયઝ દ્વારા કેપ ઓફ ગુડ હોપની શોધ.
1492 – કોલંબસ દ્વારા વેસ્ટ ઈન્ડિઝની શોધ.
1498 – વાસ્કોડિગામાનું ભારતના કાલિકટ બંદરે આગમન.
1520 – સુલેમાન તુર્કીનો શાસક બન્યો.
1526 – પાણીપતના પ્રથમ યુદ્ધ બાદ બાબરે ભારતમાં મુગલ સામ્રાજ્યની સ્થાપના કરી.
1534 – હેનરી આઠમાનું સર્વોચ્ચ કાનૂન દ્વારા ઈંગ્લેંડના ચર્ચ પર નિયંત્રણ
1558 – એલિઝાબેથ પ્રથમનો ઈંગ્લેંડના મહારાણીના રૂપમાં રાજ્યારોહણ
1588 – અંગ્રેજો દ્વારા સ્પેનના યુદ્ધ જહાજે 'આર્મેડા'નો પરાજય
1600 – અંગ્રેજો દ્વારા ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું ગઠન
1642 – બ્રિટનમાં ગૃહયુદ્ધનો પ્રારંભ
1649 – ઈંગ્લેંડના રાજા ચાર્લ્સ પ્રથમની ફાંસી, કોમનવેલ્થની સ્થાપના
1660 – ઈંગ્લેંડમાં પુનઃ રાજાશાહીની સ્થાપના
1688 – ઈંગ્લેંડની રક્તવિહીન ક્રાંતિ, જેમ્સ દ્વિતીયનો ગાદી ત્યાગ
1689 – બ્રિટનમાં સંવૈધાનિક રાજતંત્રની સ્થાપના.
1696 – પીટર મહાન રશિયાનો ઝાર બન્યો.
1721 – રોબર્ટ વાલપોલ ઈંગ્લેંડના પ્રથમ વડાપ્રધાન બન્યા.
1739 – નાદિરશાહ દ્વારા દિલ્હીમાં લૂંટફાટ અને કત્લેઆમ.
1756 – યુરોપમાં સાત વર્ષીય યુદ્ધનો પ્રારંભ
1757 – પ્લાસીના યુદ્ધમાં અંગ્રેજોની જીત સાથે ભારતમાં અંગ્રેજી શાસનનો પાયો નંખાયો.
1773 – બોસ્ટન ટી પાર્ટીની ઘટના
1776 – જ્યોર્જ વોશિંગટનના નેતૃત્વમાં અમેરિકન સ્વતંત્રતાની ઘોષણા
1789 – ફ્રેંચ ક્રાંતિ
1804 – નેપોલિયન બોનાપાર્ટ સમ્રાટ ઘોષિત
1815 – વૉટરલૂના યુદ્ધમાં નેપોલિયનની હાર
1821 – નેપોલિયનનું મૃત્યું
1837 – ક્વીન વિક્ટોરિયાનો ઈંગ્લેંડની મહારાણીપદે રાજ્યારોહણ
1848 – કાર્લ માકર્સ અને ઍંજિલ્સ દ્વારા કોમ્યુનિસ્ટ મેનિફેસ્ટોની ઘોષણા
1857 – ભારતનો પ્રથમ સ્વતંત્રતા સંગ્રામ
1861 – અબ્રાહમ લિંકન અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા.
1863 – અમેરિકામાં ગુલામી પ્રથાનો અંત
1865 – અબ્રાહમ લિંકનની હત્યા.
1869 – સુએઝ નહેરનું વ્યાપારિક ઉદ્દેશ્યો માટે ઉદ્‌ઘાટન
1904 – રશિયા – જાપાન યુદ્ધ
1911 – ચીનની ક્રાંતિ
1912 – સનયાત સેનના નેતૃત્વમાં ચીન ગણરાજ્ય બન્યું.
1914 – સરાયેવોમાં ઓસ્ટ્રિયાના રાજકુમાર આર્ક ડ્યૂક ફ્રાંસિસની હત્યા સાથે પ્રથમ વિશ્વયુદ્ધનો પ્રારંભ
1917 – લેનિનના નેતૃત્વમાં રશિયન ક્રાંતિ
1918 – પ્રથમ વિશ્વયુદ્ધનો અંત
1919 – વર્સેલ સંધિ, જલિયાવાલા બાગ હત્યાકાંડ
1920 – રાષ્ટ્રસંઘ (League of Nations) ની સ્થાપના
1921 – લેનિનનું અવસાન
1922 – મુસોલિનીનું રોમ પર આક્રમણ
1933 – હિટલર જર્મનીનો ચાન્સેલર બન્યો.
1939 – દ્વિતીય વિશ્વયુદ્ધનો પ્રારંભ
1945 – જાપાનના હિરોશિમા અને નાગાસાકી શહેરો પર અણુબોમ્બ ફેંકાયા. – બીજા વિશ્વ યુદ્ધની સમાપ્તિ. અમેરિકન રાષ્ટ્રપતિ રૂઝવેલ્ટનું અવસાન – ઈટાલીના તાનાશાહ મુસોલિની અને તેની પત્નીની સૈનિકો દ્વારા હત્યા. – નેપોલિયન અને તેની પત્નીની આત્મહત્યા – સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના.
1946 – નોર્વેના ત્રિગ્વેલી સંયુક્ત રાષ્ટ્રસંઘના પ્રથમ મહાસચિવ બન્યા.

1947 – ભારત આઝાદ થયું. ઈન્ડોનેશિયા સ્વતંત્ર થયું. રોમાનિયામાં ગણતંત્રની સ્થાપના.

1948 – મહાત્મા ગાંધીની હત્યા.

1950 – ભારતને પ્રજાસત્તાક દેશ ઘોષિત કરાયો.

1951 – લીબિયા આઝાદ થયું.

1952 – ઈંગ્લેંડના રાજા જ્યોર્જ છઠ્ઠાનું અવસાન થતા, તેની પુત્રી એલિઝાબેથ દ્વિતીયનો રાજ્યારોહણ

1953 – સ્ટાલિનનું અવસાન. હિલેરી અને તેનસિંગ દ્વારા એવરેસ્ટ શિખર સર કર્યું.

1955 – પ્રસિદ્ધ વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈનનું અવસાન. બ્રિટનના પ્રધાનમંત્રી ચર્ચિલનું રાજીનામું અને તેમની જગ્યાએ એન્ટની ઈડન પ્રધાનમંત્રી બન્યા.

1956 – પાકિસ્તાને પોતાને ઈસ્લામિક રાષ્ટ્ર ઘોષિત કર્યું.

1957 – ઘાના સ્વતંત્ર થયું. રશિયા દ્વારા પ્રથમ કૃત્રિમ ઉપગ્રહ સ્પુતનિકને અંતરિક્ષમાં છોડવામાં આવ્યો.

1958 – ફ્રેંચગિની સ્વતંત્ર ગણરાજ્ય બન્યું. ઈરાક ગણતંત્ર ઘોષિત.

1959 – અલાસ્કા અમેરિકાનું 49મું ગણરાજ્ય બન્યું. દલાઈ લામાએ તિબેટ છોડીને ભારતમાં આશ્રય લીધો.

1960 – કેમેરૂન, ટોગો, બેલ્જિયમ, કોંગો, સાઈપ્રસ, નાઈજીરિયા અને સોમાલિયાનો, સ્વાધીન ગણરાજ્યો તરીકે ઉદય. નાઈજીરિયા રાષ્ટ્રમંડળનું સદસ્ય બન્યું.

1961 – રવાન્ડા અને બરુંડી સ્વતંત્ર ગણરાજ્ય બન્યાં. સિયેરા લિયોનની આઝાદી.

1962 – ચીનનું ભારત પર આક્રમણ

1963 – અમેરિકન રાષ્ટ્રપતિ જોન એફ. કેનેડીની હત્યા.

1964 – ભારતના વડાપ્રધાન જવાહરલાલ નહેરુનું અવસાન. માલ્ટા આઝાદ થયું.

1966 – રશિયાએ ચન્દ્રયાન લ્યૂના 9 ચંદ્રમા પર ઉતાર્યું.

1968 – નાઉરુ અને મોરેશિયસ આઝાદ. માર્ટિન લ્યૂથર કિંગની હત્યા.

1969 – અમેરિકન અવકાશયાત્રી નીલ આર્મસ્ટ્રોંગ અને એડવિન એલ્ડ્રિનનું ચંદ્રમા પર ઉતરાણ.

1971 – શેખ મુજીબુર્રહેમાન દ્વારા બાંગ્લાદેશને સ્વતંત્ર જાહેર કરાયું.

1976 – આર્જેન્ટિનામાં સેનાપ્રમુખ દ્વારા સત્તાપરિવર્તન

1977 – જિમ્મી કાર્ટર યુએસએના રાષ્ટ્રપતિ તરીકે નિર્વાચિત, પ્રસિદ્ધ અભિનેતા ચાર્લી ચેપ્લિનનું અવસાન.

1979 – ચીન દ્વારા વિયેતનામ પર આક્રમણ, ઈરાન મુસ્લિમ ગણરાજ્ય ઘોષિત, પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિ ઝુલ્ફીકાર ભુટ્ટોને ફાંસી અપાઈ.

1980 – રોડેશિયા આઝાદ થયું તેનું નામ બદલીને ઝિમ્બાબ્વે કરાયું. ફ્રેંચ લેખક સાત્રેનું અવસાન.

1981 – બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ જિયા ઉર્રહમાનની હત્યા. ઈજિપ્તના રાષ્ટ્રપતિ અનવર સદાઅતની હત્યા. હુસ્ની મુબારક ઈજિપ્તના રાષ્ટ્રપતિ બન્યા.

1984 – રાકેશ શર્મા ભારતના પ્રથમ અવકાશયાત્રી બન્યા.

દૂ ફોરજીએ ઓક્સિજન વગર એવરેસ્ટ શિખર સર કર્યું.

1985 – કેનેડાથી ભારત આવતું એર ઈન્ડિયાનું બોઈંગ વિમાન 747 (કનિષ્ક) દુર્ઘટનાગ્રસ્ત થતાં તમામ 329 મુસાફરોનાં મોત.

1987 – પાકિસ્તાનના રાષ્ટ્રપતિ ઝિયા ઉલ હકનું હવાઈ દુર્ઘટનામાં મોત. – જ્યોર્જ બુશ અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા. – આસર અરાફતે પેલેસ્ટાઈનને સ્વતંત્ર રાષ્ટ્ર ઘોષિત કર્યું.

1990 – 28 વર્ષ બાદ દક્ષિણ આફ્રિકાની સરકારે નેલ્સન મંડેલાને જેલમાંથી મુક્ત કર્યા. – નામીબિયાની સ્વતંત્રતાની ઘોષણા - પૂર્વ-પશ્ચિમ જર્મનીનું વિલીનીકરણ

1991 – બેગમ ખાલિદા જિયા બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ નિર્વાચિત

1992 – રિયો ડિ ઝાનેરો (બ્રાઝિલ) માં પૃથ્વી સમેલન.

1993 – ચેકોસ્લોવાકિયાનું બે સ્વતંત્ર ગણરાજ્યો - ચેક અને સ્લોવાકમાં વિભાજન. - શ્રીલંકાના રાષ્ટ્રપતિ રણસિંઘે પ્રેમદાસાની બોમ્બ વિસ્ફોટમાં હત્યા.

1997 – બ્રિટન દ્વારા હોંગકોંગને ચીનને હસ્તાંતરણ

2002 – 12 યુરોપીય રાષ્ટ્રોમાં 'યુરો' મુદ્રાનો પ્રારંભ

2003 – કોલમ્બિયા અંતરિક્ષયાન દુર્ઘટનામાં કલ્પના ચાવલા સહિત સાત અવકાશ યાત્રીઓનાં મોત.

2004 – જાવા, સુમાત્રા, ઈન્ડોનેશિયામાં ભૂકંપ બાદ આવેલ સુનામીમાં એક લાખથી વધુ લોકોનાં મોત.

2011 – સુદાનનું વિભાજન થતાં દક્ષિણી સુદાન નામનો નવો દેશ અસ્તિત્વમાં આવ્યો.

★★★